ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૦૬/૨૩-૨૪/ 966 તારીખ : 26 MAY 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,

કેસ નં.૦૬/૨૩-૨૪

**શ્રી નાગજીભાઈ ભીમાભાઈ આંબલીયા,**
**બી-૨૮, શિવદર્શન રો હાઉસ વિભાગ-૨,**
**કથીરીયા હનુમાનજી મંદિરની બાજુમાં,**
**સીંગણપોર રોડ, કતારગામ,**
**મું.સુરત-૦૪.**

**મો.નં-૯૭૨૭૬૪૪૮૫૧/૯૯૯૮૭૫૭૧૩૨**

**વિષય : અમોને નવું ખેતીવાડી વિજ કનેકશન આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૧/૦૪/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૩/૦૪/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૬/૨૩-૨૪/૭૩૭ તા.૧૨/૦૪/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૬/૨૩-૨૪/૮૪૪ તા.૦૨/૦૫/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૧/૦૫/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સાવરકુંડલા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ખાંભા.**

P.G.V.C.L. Bhavnagar Redressal Forum

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૬/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી નાગજીભાઈ ભીમાભાઈ આંબલીયા,**

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૧/૦૫/૨૦૨૩** ◈

વાદી :– **શ્રી નાગજીભાઈ ભીમાભાઈ આંબલીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી આર.સી.ચૌધરી, કા.વા.કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સાવરકુંડલા. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી નાગજીભાઈ ભીમાભાઈ આંબલીયા, મું.ખાંભા, તા.સાવરકુંડલા, જી.અમરેલીની અમોને નવું ખેતીવાડી વિજ કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૬/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૬/૨૩–૨૪/૭૩૭ તા.૧૨/૦૪/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૧/૦૫/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી નાગજીભાઈ ભીમાભાઈ આંબલીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી આર.સી. ચોધરી , કા.વા.કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સાવરકુંડલા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદારશ્રી આંબલીયા નાગજીભાઈ ભીમાભાઈ ખાંભા તાલુકાના ખાંભા ગામના રહેવાસી છે. જેમના દ્વારા સર્વે નં.૪૬૫ પૈકી ૧ માં નવા ખેતીવાડી વીજ જોડાણની અરજી તા.૨૦.૦૫.૨૦૧૧ ના રોજ રૂા.૨૦૦/– રસીદ નં. ૫૨૪૫૩૯ થી ખાંભા પેટા વિભાગ કચેરીમાં કરેલ હતી. જેમાં સૌર ઉર્જા સંચાલીત સીચાઈ પંપ સેટસ યોજના ૨૦૧૬–૧૭ અન્વયે તેમને સૌર ઉર્જા સોલાર પંપ સેટ નું વીજ જોડાણ આપવામાં આવેલ હતું.

૧.૨ તા.૧૭.૦૫.૨૦૨૧ ના રોજ આવેલ ભંયકર તોકતે વાવાજોડા ના કારણે અરજદારની સોલાર સીસ્ટમમાં ખુબજ મોટા પ્રમાણમાં નુકશાન થવા પામેલ હતું. અરજદારની સીસ્ટમનો ગેરેંટી પીરીયડ પૂરો ન થયો હોવાના કારણે સોલાર એજન્સી દ્વારા તેમની સૌર ઉર્જા સીસ્ટમનું સમારકામ કરવા માટે ગયેલા હતા. પરંતુ, અરજદાર દ્વારા તેમની સીસ્ટમ રીપેર કરવા દીધેલ ન હતી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૩ ત્યારબાદ, અરજદાર દ્વારા તા.૧૮.૧૧.૨૦૨૧ ના રોજ રસીદ નં.૬૪૧૮૨૭ થી રૂા.૨૩૬/– ભરપાઈ કરી ફરીથી ૪૬૫ પૈકી ૧ સર્વે નં. માં નવા ખેતીવાડી વીજજોડાણની માંગણી કરી.

૧.૪ આમ અરજદાર એક જ સર્વે નં માં બીજું ખેતીવાડી વીજજોડાણ ફરીથી આપવાની માંગણી કરી રહયા છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી આંબલીયા નાગજીભાઈ ભીમાભાઈ ખાંભા તાલુકાના ખાંભા ગામના રહેવાસી છે. જેમના દ્વારા સર્વે નં.૪૬૫ પૈકી ૧ માં નવા ખેતીવાડી વીજજોડાણની અરજી તા.૨૦.૦૫.૨૦૧૧ ના રોજ રૂા.૨૦૦/– રશીદ નં. ૫૨૪૫૩૯ થી ખાંભા પેટા વિભાગ કચેરીમાં કરેલ હતી.

૨.૨ સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ ખેતીવાડી હેતુ વીજજોડાણની અરજી સૌર ઉર્જા સંચાલિત સીચાઈ પંપ સેટસ યોજના ૨૦૧૬–૧૭ માં જોડવા માટે અરજદાર દ્વારા તેમની મંજુરી તા.૨૫.૦૫.૨૦૧૬ ના રોજ આપેલ અને રશીદ નં.૨૭૫૯૫૬ થી રૂા.૧૦૦૦/– તા.૨૨.૦૬.૨૦૧૬ ભરી તેમની અરજી સ્વીચ ઓવર કરાવેલ હતી.

૨.૩ અરજદારના અગ્રતા ક્રમ મંજબ તેમને રૂા.૨૪૦૦૦/– નું અંદાજપત્ર તા.૦૮.૦૭.૨૦૧૬ ના રોજ આપવામાં આવેલ જે અંદાજપત્ર તેમના દ્વારા તા.૨૮.૦૭.૨૦૧૬ ના રોજ રસીદ નં.૯૭૬૭૭ થી ભરપાઈ કરેલ હતું.

૨.૪ અરજદારના સૌર ઉર્જા પંપ સેટ લગાવવા માટે ની કામગીરી એલ્સોલ એનર્જી સીસ્ટમ અમદાવાદ ને આપવામાં આવેલ જેમનો ત્રીપક્ષીય કરાર તા.૧૧.૦૮.૨૦૧૬ ના રોજ થતા અરજદારનું સૌર ઉર્જા પંપ સેટ વીજજોડાણ તા.૦૬.૧૦.૨૦૧૬ ના રોજ કમ્પલીટ ફીટીંગ કરી લગાવી આપવામાં આવેલ હતું.

૨.૫ તા.૧૭.૦૫.૨૦૨૧ ના રોજ આવેલ ભયંકર તોકતે વાવાજોડા ના કારણે અરજદાર ની સોલાર સીસ્ટમમાં ખુબ જ મોટા પ્રમાણમાં નુકશાન થવા પામેલ હતું. અરજદાર ની સીસ્ટમનો ગેરેંટી પીરીયડ પુરો ન થયો હોવાના કારણે સોલાર એજન્સી દ્વારા તેમની સૌર ઉર્જા સીસ્ટમનું સમારકામ કરવા માટે ગયેલા હતા. પરંતુ, અરજદાર દ્વારા તેમની સીસ્ટમ રીપેર કરવા દીધેલ ન હતી.

૨.૬ ત્યારબાદ, અરજદાર દ્વારા તા.૧૮.૧૧.૨૦૨૧ ના રોજ રસીદ નં.૬૪૧૮૨૭ થી રૂા.૨૩૬/– ભરપાઈ કરી ફરીથી ૪૬૫ પૈકી ૧ સર્વે નંબરમાં નવા ખેતીવાડી વીજજોડાણ ની માંગણી કરી.

૨.૭ ફરીથી અગ્રતાક્રમ મુજબ વારો આવતા તા.૨૦.૦૫.૨૦૨૨ ના રોજ અરજદાર અંદાજપત્ર આપવામાં આવેલું જે અંદાજપત્ર અરજદાર દ્વારા તા.૦૧.૦૬.૨૦૨૨ના રોજ ભરપાઈ કરેલ હતું.

૨.૮ ત્યારબાદ, ઘણીબધી વાર સોલાર એજન્સી દ્વારા અરજદારનો સોલાર સીસ્ટમ રીપેરીંગ માટે કોન્ટેકટ કરેલ. પરંતુ, સીસ્ટમ રીપેરીંગ કરવા દીધેલ ન હતી ફરીથી તા.૨૭.૦૬.૨૦૨૨ ના રોજ પીજીવીસીએલના પ્રતિનિધિ તથા સોલાર એજન્સીના પ્રતિનિધિ તથા આપના પ્રતિનિધિની હાજરીમાં અરજદારનો ટેલીફોનીક સંપર્ક કરેલ. પરંતુ, અરજદાર દ્વારા સોલાર સીસ્ટમ રીપેરીંગ કરવાની ના પાડેલ અને નવું રેગ્યુલર વીજજોડણ આપવા જણાવેલ હતું. જેથી વિભાગીય કચેરી સાવરકુંડલા દ્વારા અરજદારને પત્ર નં.એસકેડી/ટેક–૨/સોલારપંપ/૬૬૬૫ તા.૧૬.૦૭.૨૦૨૨ થી સદર બાબતે ભવિષ્યમાં કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો જવાબદારી આપની રહેશે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૯ અરજદારના ૪૬૫ પૈકી ૧ માં સોલારનું એક વિજ જોડાણ હયાત હોઈ, નિયમાનુસાર બીજું આપી શકાય નહી. જેથી, પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદાર પત્ર નં–ખાંભા/ટેક/૨૯૦૮ તા.૦૩/૦૮/૨૦૨૨ ના રોજ પત્ર લખી ભરેલ ભાવપત્રક ની રકમ પરત લેવા જણાવેલ.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી નાગજીભાઈ ભીમાભાઈ આંબલીયા, મું.ખાંભા ગામે તા.૦૯/૧૦/૨૦૧૬ થી સોલાર વિજ કનેકશન ધરાવે છે. જે તોકતે વાવાઝોડા દરમ્યાન નુકશાન પામતા સોલાર કંપની દ્વારા રીપેરીંગ ન કરી આપતા, નવા ખેતીવાડી વિજ કનેકશન માટે ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આ અંગે આજરોજની તા.૧૧/૦૫/૨૦૨૩ ના રોજ બંને પક્ષો હાજર છે. તથા પોતાની રજૂઆતો કરેલ છે.

૩.૩ રજૂ થયેલ રેકર્ડ તેમજ મૌખિક રજૂઆતોને ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, વાદીનું સોલાર ખેતીવાડી વિજ કનેકશન તોકતે વાવાઝોડા દરમ્યાન ખૂબ જ નુકશાન પામેલ. જે અંગેની રજૂઆત વાદી તેમજ પ્રતિવાદી દ્વારા સોલાર કંપનીને કરવામાં આવેલ. તે સમયે સોલાર સીસ્ટમનો ગેરંટી પીરીયડ ચાલુ હતો. પ્રતિવાદીએ જણાવેલ છે કે, સોલાર કંપનીના માણસો રીપેરીંગ માટે આવેલ. પરંતુ, કયારે આવેલ તે ચોકકસ તારીખ કે વિગત રજૂ કરી શકેલ નથી. વધુમાં, વાદી પણ તેમના ખાંભા ખાતેના કનેકશન વાળી જગ્યાએ ન રહેતા હાલ સુરત રહે છે. તેથી સોલાર કંપનીની સ્થળ પરની મુલાકાતની વિગત રજૂ કરી શકેલ નથી.

૩.૪ અરજદાર દ્વારા સોલાર કનેકશનનો ગેરંટી પીરીયડ ચાલુ હતો તે દરમ્યાન, તા.૧૮/૧૧/૨૦૨૧ ના રોજ રૂા.૨૩૬/– ભરી ફરીથી તે જ સર્વે નં–૪૬૫/૧ પર નવા ખેતીવાડી વિજ કનેકશનની માંગણી કરેલ છે.

૩.૫ પ્રતિવાદી જણાવે છે કે, સોલાર એજન્સી મે.એલસોલ એનર્જી સીસ્ટમ, અમદાવાદ દ્વારા વાદીના સોલાર રીપેરીંગ માટે સંપર્ક કરેલ. પરંતુ, વાદીએ સહકાર આપેલ નથી. જેને લીધે રીપેરીંગ થઈ શકેલ નહી.

૩.૬ ઉપરોકત વિગતોને ધ્યાને લેતાં ફોરમને જણાય છે કે, વાદીના સર્વે નં–૪૬૫/૧ ઉપર હાલ સોલાર સીસ્ટમનું ખેતીવાડી વિજ જોડાણ છે. સોલારને થયેલ નુકશાન તેને ગેરંટી પીરીયડ દરમ્યાન થયેલ હોય, પ્રતિવાદીએ સોલાર કંપની સાથે પત્ર વ્યવહાર કરી સીસ્ટમના રીપેરીંગની કાર્યવાહી તુરંત કરાવવી. જો સોલાર કંપની તેમ કરવામાં નિષ્ફળ રહે તો, કંપની સાથેના કોન્ટ્રાકટ મુજબની રીકવરી બાબતે કાર્યવાહી કરવી. નવીન ખેતીવાડી જોડાણ બાબતે જીયુવીએનએલના તાજેતરના સોલાર કનેકશન અંગેના પરિપત્રોનો અભ્યાસ કરી વાદીનું સોલાર વિજ જોડાણ ચાલુ કરાવવું.

Consumer Grievance Redressal Forum P.G V.C.L. Bhavnagar

હાલ, વાદી પાસે ઉપરોક્ત એક વિજ કનેકશન સર્વે નં–૪૬૫/૧ ઉપર હોઈ, તે જ સ્થળ પર બીજા ખેતીવાડી વિજ કનેકશનની માંગણી ગ્રાહય રાખવામાં આવતી નથી. સોલાર એજન્સીને રીપેરીંગ કાર્યમાં સહકાર આપવો.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(ગેરહાજર)
**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– **૧૧/૦૫/૨૦૨૩.**